مخاطر الألعاب الألكترونية

# ઈલેક્ટ્રોનિક રમતોના નુકસાન

ગુજરાતી ભાષા

اللغة الغوجاراتية

## શેખ હૈશામ સરહાન

સુન્નાહ શૈક્ષણિક કેન્દ્રના વડા

ગુજરાતી અનુવાદ : અબ્દુલકાદિર નદીસરવાલા

ALSARHAAN.COM MAHADSUNNAH.COM

- **તે તેના પુત્રને બોલાવે છે, પરંતુ તે સાંભળતો નથી કે જવાબ આપતો નથી**
- **તે તેની પુત્રીના સામેથી પસાર થાય છે, તેના પર ધ્યાન આપતો નથી, પાછળ જોતો નથી**
- **તેઓ વર્ચ્યુઅલ વિશ્વમાં અન્ય લોકોથી અલગ છે. ઇલેક્ટ્રોનિક રમતોની દુનિયામાં.**

1.પુખ્ત વયના બાળકો અને યુવાનોને તેઓ જ્યાં સુધી ઈલેક્ટ્રોનિક રમતોનાં વ્યસની ન થાય ત્યાં સુધી કલાકો સુધી તેમને રમવા માટે લલચાવવામાં આવે છે.

2.તેઓ ઈલેક્ટ્રોનિક રમતો સાથે સંકળાયેલા ગંભીર જોખમોને સમજી શકતા નથી, જેમાંથી કેટલાકમાં બહુદેવવાદ(શિર્ક)નો સમાવેશ થાય છે જેમ કે મૂર્તિઓ અને ક્રોસને નમવું.

આયશા (અલ્લાહ તેમનાથી રાજી થાય) ની એક હદીસમાં, તેણી કહે છે:

> "જ્યારે પણ અલ્લાહના રસુલ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને તેમના ઘરમાં કંઈક એવું મળતું કે જેના પર ક્રોસની છબી (ખ્રિસ્તીઓની જેમ) બનેલી હોય, તો તેઓ તેને તોડી નાખતા." (બુખારી/5952)

3.કેટલીક ઈલેક્ટ્રોનિક રમતોમાં જાદુ અને મેલીવિદ્યા જેવી રમતો પણ હોય છે.

પયગંબર(સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) એ ફરમાવ્યું છે:

"સાત મહાન વિનાશક ગુનાહોથી બચો." લોકોએ પૂછ્યું, "હે અલ્લાહના રસુલ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)! તે કયા છે?" તેમણે કહ્યું, "અલ્લાહ સાથે શિર્ક કરવું , જાદુ-ટોણા કરવા, અલ્લાહે જે કોઈ જીવનને પ્રતિબંધિત કર્યું છે તેને ન્યાયી કારણ સિવાય મારી નાખવું, વ્યાજ ખાવું, અનાથની સંપત્તિ ખાવી, દુશ્મનને પીઠ બતાવવી અને યુધ્ધ સમયે યુધ્ધના મેદાનમાંથી ભાગી જવું, અને પવિત્ર સ્ત્રીઓ પર આરોપ મૂકવો." .(બુખારી/2766 - મુસ્લિમ/89)

4. નગ્નતા અને નૈતિકતાનું ઉલ્લંઘન કરતા અને અભદ્રતાને આમંત્રિત કરતા દ્રશ્યોનો સમાવેશ થાય છે. સર્વશક્તિમાન અલ્લાહ તઆલા એ ફરમાવ્યું:

قال تعالى: قُل لِّلۡمُؤۡمِنِينَ يَغُضُّواْ مِنۡ أَبۡصَٰرِهِمۡ وَيَحۡفَظُواْ فُرُوجَهُمۡۚ ذَٰلِكَ أَزۡكَىٰ لَهُمۡۚ إِنَّ ٱللَّهَ خَبِيرُۢ بِمَا يَصۡنَعُونَ ٣٠ النُّور :

"ઈમાનવાળા પુરુષોને કહો કે તેઓ તેમની આંખો નીચી રાખે (હરામ તરફ ન જોતા) અને તેમના જનનાંગોને (વ્યભિચારથી) સુરક્ષિત રાખે. તે તેમના માટે વધારે પવિત્ર છે. ખરેખર, તેઓ જે કરે છે તેનાથી અલ્લાહ વાકેફ છે." (સૂરહ નૂર-30)

5. તે બાળકના સ્વભાવને ભ્રમણા અને કલ્પનાઓની દુનિયાની તાલીમ આપીને પણ ભ્રષ્ટ કરે છે, જેમ કે અલૌકિક શક્તિઓ સાથે પ્રેતાત્માઓ, જે હકીકતમાં અસ્તિત્વમાં નથી.

6. તેની એક નકારાત્મક અસર એ છે કે તેના દ્વારા બાળકોના હૃદયમાં હિંસા અને આક્રમકતાનું વલણ ઉદભવે છે. જે તેમની વચ્ચે  નફરત પેદા કરે છે.

7. તે સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે, જેમ કે નર્વસ ડિસઓર્ડર, અંગોની ધ્રુજારી, પીઠનો દુખાવો, સાંભળવાની અને જોવાની ની શક્તિ નબળી થવી. જે માનસિક વિકૃતિઓ, ઓટીઝમ અને હતાશા તરફ દોરી જાય છે.

8. તેમાં કોઈ આશ્ચર્ય નથી કે તે સમયનો બગાડ અને વિક્ષેપ છે. શૈખુલ ઇસ્લામ ઇબ્ને તૈમિયા (અલ્લાહ તેમના પર દયા કરે) એ કહ્યું:

> "દરેક વસ્તુ જે અલ્લાહ ના આજ્ઞાપાલનથી વિચલિત કરે છે (જેમ કે ખરીદી, વેપાર) તે પ્રતિબંધિત છે, પછી ભલે તે પોતે નુકસાનકારક ન હોય."
>
> (ઇખ્તિયારત અલ-ફીકહીયાહ/497)

તમામ પ્રકારના મનોરંજન અને અન્ય ખોટી રમતો કે જેનો ઉપયોગ શરીયતના કાયદામાં માન્ય નથી, તે તમામ પ્રતિબંધિત છે. તેથી આ ઈલેક્ટ્રોનિક રમતો છોડી દો અને એવી વસ્તુઓ કરો જેનાથી તમને

તમારા જીવન માટે ફાયદો થાય અને જાણી લો કે તમારા જીવન માટે તમે પોતે જ જવાબદાર હશો.

પયગમ્બર(સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું:

"કયામતના દિવસે, બંદાના પગ અલ્લાહ સામે ત્યાં સુધી હલશે નહીં જ્યાં સુધી તેને પૂછવામાં ન આવે કે તેણે તેના જીવનમાં શું કર્યું, તેણે તેના જ્ઞાનનું શું કર્યું, તેણે તેની સંપત્તિ ક્યાંથી કમાવી અને ક્યાં ખર્ચ કરી, અને તેની યુવાની વિશે." (તિર્મિજી/2416)